ગાંધીનગર સમાચાર



## સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*બળુકામાં અકારણ લડવાનું બળ હોય છે,*
*ને જો હાથમાં હોય હથિયાર તો ચળ હોય છે,*
*તડ હોય છે રાઈ ભરેલાં મગજમાં યુદ્ધની -*
*ઉંદર સામે બિલ્લી મૂકી દેવાની કળ હોય છે...*
*(ચીનનું ચૂં ચૂં વધ્યું)*

**હાઈકુ**

*મિક્કી માઉસ,*
*સિક્કીમ સરહદે -*
*કરે છે ચૂં ચૂં*

*ભેટયા ટ્રંપને,*
*ને ચપલાણું ચીન -*
*કરે ઊંકાટા...*

### ચિંતન

*સ્તુતા અપિ દેવતા સ્તુસ્યન્તિ ।*

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

સ્તુતિ કરવાથી દેવો પણ પ્રસન્ન થાય છે.

મનુષ્યો તો શું, દેવો પણ એમની સ્તુતિથી પ્રસન્ન થાય છે. આથી સ્તુતિ (પ્રશંસા) દ્વારા સૌને પ્રસન્ન કરવા જોઈએ. અને પોતાનું ધાર્યું કામ કઢાવવું જોઈએ.

આજે હા જી હા, ચમચાગીરી અને ખોટી વાહ-વાહથી માણસો 'પદ'ને પામે છે. ખોટી પ્રશંસા કરવી એ દંભ અને અસત્યનો પ્રચાર છે - પાપ છે.

સારાં કાર્યોને પ્રેમ - પ્રોત્સાહન -ઉત્તેજન આપવા તેની કદર રૂપ - માપમાં પ્રસંશા જરૂર કરતી જ જોઈએ.

### સુવિચાર

- જયારે ક્રોધ નમ્રતામાં પરિણામે છે ત્યારે અભિમાન પણ માથું નમાવે છે - **મુંબઈ સમાચાર**
- કલ્પના આત્માનું નેત્ર છે - **સંપૂર્ણાનંદ**
- ડૉકટર ફક્ત ઉપચાર કરે છે, પરંતુ નીરોગી તો પ્રકૃતિ કરે છે - **અખંડ આનંદ**
- સાવધાની અને સમજી વિચારીને કરવામાં આવેલું કાર્ય ડર-ભયથી છૂટકારો અપાવે છે - **શેક્સપિયર**
- મારે જીવતાં જીવતાં મરવું નથી, મરતાં મરતાં જીવવું નથી - **મેઘનાદ ભટ્ટ**
- ઝાઝું ભૂલ્યા વગર જિંદગી આગળ વધી શકતી નથી - **બાલ્ઝાક**
- આજનું ઔષધ : સુરણના કંદને બાળી તેની રાખ ઘી અને ગોળમાં મેળવી રસોળી પર લગાવવાથી (અઠવાડિયામાં રસોળી મટે છે)

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

કબીરજીએ કહ્યું છે આપણી નિંદા કરનારને, આપણા આંગણામાં જ એક ઝૂંપડી બનાવી રાખવી જોઈએ, જે સદાય આપણને જાગૃત રાખે છે.

સંત એકનાથ. સાતા સંત. તેઓ સંસ્કૃત ગ્રંથ વાંચવાને બદલે મરાટી ભાષામાં લોકોને સમજાય એવી સરળ ભાષામાં ધર્મોપદેશ આપતા હતા. વિદ્વાનોની સભા હોય ત્યાં પંડિતોની ચર્ચામાં સંસ્કૃત ભાષા વપરાય અને લોકોની હાજરી ઓછી થવા લાગી. વળી પંડિતો ધર્મશાળાઓને વટાવીને દાન મેળવવાનો કીમિયો શોધી કાઢ્યો હતો. એકનાથની લોકપ્રિયતા એમનાથી સહન થતી ન હતી. અંતે તેઓ એ એકનાથની નિંદા શરુ કરી. 'એકનાથ પાખંડી છે! એકનાથ સંસ્કૃતનું અપમાન કરે છે, તે લોકોને અવળે રસ્તે દોરે છે.'

પરંતુ સંત એકનાથે પંડિતોને જરા પણ તિરસ્કાર્યા નહી. અપૂર્વ દઢતાથી આવો વિરોધ મુંગે મોઢે સહન કર્યો. એમના એક નજીકના મિત્રથી આવી નિંદા સહન ન થતાં એકનાથને પૂછ્યું, 'આવું કેમ સહન કરો છો.' ત્યારે એકનાથે જવાબ આપ્યો. 'મારા નિંદકો તો મારા પૂજ્ય છે, એ લોકો મારા પાપોની નિંદા કરી ધૂવે છે, મારે તો ઘેર બેટા ગંગા જેવી વાત છે. એમના પર મારે ગુસ્સો કરવાનો હોય? એમના વિના મારા પાયો પછી કોણ ધોશે.'

# ડ્રેગન ફૂંફાડા મારે છે

**તંત્રીસ્થાનેથી...**

ભારત સાથે 'પંચશીલ' કરારની યાદ તાજી કરાવતું ચીન ૧૯૬૨ની સાલમાં એવો યાદગાર દગો થઈ ચૂક્યું છે કે એને ભારતીય નાગરિકો કયારેક નહીં ભૂલી શકે. નહેરુને દીધો હતો એવો જ દગો એ મોદીને પણ દઈ શકે છે. ભારતીય સેના એનાં ટાંચા સાધનો મારફત બહાદુરીપૂર્વક એકાએક આવી પડેલી આફત સામે ઝઝૂમી હતી, પરંતુ ચીને દબાવી પાડેલી લાખો ચોરસ કિ.મી. જમીન હજી સુધી એના જ કબજામાં છે. આપણે તિબેટની સ્વાયત્તતાનું રક્ષણ કરવામાં પણ કાચા પડ્યા, જેથી કૈલાસ માનસરોવર જેવું તીર્થ આજે સંપૂર્ણપણે ચીનના કબજામાં છે. જો કે છેલ્લા કેટલાક દાયકાથી ચીન દુનિયા સાથે સારા સંબંધો વિકસાવી આર્થિક મહાસત્તા તરીકે ઊપસી આવ્યું છે, પણ સાથે જ અમેરિકા જેવા જગત જમાદાર સામે પણ આંખો કાઢે એવી સૈન્ય શક્તિ પણ એણે હાંસલ કરી લીધી છે. ભારત અને ચીન વચ્ચે મોટો તફાવત એ છે કે ચીને બધું જ ઘર આંગણે તૈયાર કરવાની ક્ષમતા કેળવી છે અને ભારત સહિત દુનિયા આખી એના માટે એક વિશાળ બજારથી વિશેષ કંઈ જ નથી. વિચાર તો કરો આપણે અખંડ ભારતના ઘડવૈયા લોહપુરુષ સરદાર પટેલની આભ ઊંચી પ્રતિમા બનાવવાનો કોન્ટ્રાક્ટ પણ ચીની કંપનીઓને આપવો પડ્યો છે. શરૂ શરૂમાં એવો આભાસ જરૂર ઊભો થયો હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચીની વડાપ્રધાન જિનપિંગને સાબર તટે ઝૂલે ઝુલાવી મૈત્રીનું નવું પ્રકરણ શરુ કરી શકશે. કમનસીબે આ ધારણા ખોટી પડી છે. ચીને ગાઈ વગાડીને પાકિસ્તાન સાથેની એની કુદરતી દોસ્તીન પરવાન ચઢાવી છે, એટલું જ નહીં, એનો લાભ લઈને પાક અધિકૃત કાશ્મીરમાં ભારતની સરહદે જ હાઈવે બનાવી દઈ ભારતને રક્ષણાત્મક સ્થિતિમાં મૂકી દીધુ છે. નાથુલા પાસ વાળો કૈલાસ માનસરોવરનો માર્ગ ખુલ્લો કરી આપી ચીને જે શુભચેષ્ઠા દાખવી હતી તે પહેલી જ યાત્રામાં પોકળ સાબિત થઈ છે. ભારતીય સૈન્યના વડા જનરલ બિપિન રાવતે એકાદ હુંકાર ભર્યો કે ચીની ડ્રેગન છંછેડાઈ ગયું છે. ચીન સિક્કીમ અને ભુતાન નજીકના ડોકાલમ ક્ષેત્રમાંથી ભારતીય સેનાને હટાવી લેવાની માગણી કરી રહ્યું છે, બલકે ધમકીની ભાષામાં જ વાત કરી રહ્યું છે. એના અધિકૃત મુખપત્ર 'ગ્લોબલ ટાઈમ્સ' દ્વારા એ ભારતને ૧૯૬૨ કરતાં પણ વધુ નામોશીભરી પરિસ્થિતિમાં મૂકી દેવાની ડંફાસ મારી રહ્યું છે. જો કે એની દમકીને ગીદડ ધમકી ગણી લેવી એ મોટી ભૂલ ગણાશે. આખી દુનિયા ચીનની નાગડદાઈ, નફફટાઈ અને સૈન્ય ક્ષમતાથી વાકેફ ચે. ભારતીય દળો કદચા એનો સામનો તો કરી શકે, પરંતુ એકવાર પૂર્ણ કક્ષાનું યુદ્ધ શરુ થઈ જાય તો ફરી એકવાર આપણે હજારો ચોરસ કિ.મી. જમીન ગુમાવવી પડે અને હજારો નવલોહિયા જવાનોએ શહીદી વહોરવી પડે એવી પૂરી શકયતા છે. ૧૯૬૨માં યુદ્ધ વખતે કવિ હરિન્દ્ર દવેએ એક ગીત લખેલું : 'તમે છંછેડી બેઠા શેષનાગને; હવે રોકી રોકાશે નહીં આગને...' આ ડ્રેગન શેષનાગને પણ ભારે પડેવું ખતરનાક છે. ચીને દલાઈ લામાને સંરક્ષણ આપ્યા બદલ ભારત સામે સિક્કીમની આઝાદીનું કાર્ડ ઊતારવાની ધમકી પણ ઉચ્ચારી છે. અમેરિકા સાથે વધુ પડતા ઉષ્માભર્યા સંબંધો અને છેલ્લે મોદી-નેતાનયાહુની મુલાકાતથી ચીન વિશેષ ઉશ્કેરાયું છે તે એ હદે કે જી-૨૦ કે બ્રિક્સ રાષ્ટ્રોના સંમેલનમાં જિગપિંગ સાથેની મુલાકાતનો છેદ ઊડી ગયો છે. ભારતે સ્ટ્રેટેજિક ચાલ દ્વારા જ ચીનને મહાત કરવું પડશે. યુદ્ધ તો ભારત માટે ખુવારી જ આણી શકે છે.

# મહાત્મા ગાંધીના મતે જુદી જુદી જ્ઞાતિઓ લશ્કરની ટુકડીઓ જેવી

**ગાંધી ૧૦૦**



ડો. રાજેન્દ્ર જાની

હાલ ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન તેની પરાકાષ્ઠાએ છે ત્યારે હિંદુ સમાજની જ્ઞાતિ વ્યવસ્થાના સંદર્ભે આજથી બરાબર સો વર્ષ પહેલા મહાત્મા ગાંધીએ જાતિ (જ્ઞાતિ) વિશે તેમના વિચારો રજૂ કર્યા હતા.

'ભારત સેવક' મરાઠી સામયિકના ઑકટોબર ૧૯૧૬ના અંકમાં 'જાતિભેદ વિષે વિચારો' મથાળા સાથે પ્રસિદ્ધ થયેલા લેખમાં ગાંધી કેટલીક બાબતોમાં જ્ઞાતિ વ્યવસ્થાને સ્વભાવિક ઉપસી આવેલી સમાજરચના તરીકે ઓળખાવે છે. અલબત્ત જ્ઞાતિ વ્યવસ્થાની ઉચનીચના ક્રમની સામે વિવેકપૂર્વક વિરોધ પણ વ્યક્ત કરે છે. (જુઓ ગાંધીનો અક્ષરદેહ -૧૩, પૃષ્ઠ ૨૭૭)

**વર્ણવ્યવસ્થામાં માનતા ગાંધી ઉચનીચના ક્રમનો સતત વિરોધ કરતા રહ્યા**

લેખની શરુઆતના વાક્યથી તેઓ સ્પષ્ટ કરે છે કે 'જાતિભેદના પાયા ઉપર હિંદુ સમાજની ઈમારત ટકી રહી છે, એવી મારી માન્યતા છે. વિલિયમ હંટર નામના ઈતિહાસકારે હિંદના ઈતિહાસમાં એમ નોંધ્યું હતું કે હિન્દુસ્તાનમાં ભીખનો કાયદો પુઅર-લૉ કરવાની જરૂર પડી નથી. આ દલીલને તેઓ સ્વીકારતા કહે છે આનું કારણ જાતિભેદની પરંપરાગત અને પ્રચલિત સંસ્થા તરીકે એ સ્થાપિત થયેલી છે એટલે છે.'

પણ તુરત જ દરેક મુદ્દા, ઘટના કે વ્યક્તિમાંથી સ્વરાજનું નવનીત નિતારવાનું વિચાર વલોણું પ્રયોજતા રહેતા ગાંધી કહે છે જાતિ સંસ્થામાં સ્વરાજનું બીજ સમાયેલું છે. જુદી જુદી જ્ઞાતિઓ લશ્કરની ટુકડીઓ જેવી ચે. સેનાપતિ દરેક સૈનિકને ઓળખતો નથી. પણ દરેક સૈનિક પાસેથી ટુકડીના મુખ્ય અધિકારી મારફત તે કામ લે છે. તે જ પ્રમાણે જાતિભેદના સાધનથી આપણે સમાજ સુધારણાનું કાર્ય સહેલું કરી શકીએ છીએ. અને આપણું ધાર્મિક, વ્યવહારિક, નૈતિક અને રાજકીય ચક્ર ગમે તેમ ફેરવી શકીએ છીએ.

મહાત્મા એક તરફ જાતિભેદના સમાજ સુધારણામાં વ્યાપક લાભો જોતા જાતિભેદના નાશ કરવાના પ્રયત્નો સામે પોતે વિરુદ્ધમાં છે. એમ ઉલ્લેખતાં પાછા તરત જ જાતિભેદના કારણે ઉદ્ભવતા દોષોનું નિવારણ પણ ઈચ્છે છે. જ્ઞાતિભેદનું વાસ્તવિક સ્વરુપ પ્રથમ જાણવા પર અંગુલિનિર્દેશ કરતા મહાત્મા કહે છે, 'જાતિને આપણે ધાર્મિક સ્વરુપ આપ્યું છે. એટલે જાતિ કેલવ સંયમ કરવાનું સાધન છે જાતિએ આપણા ભોગની પરીસીમા છે તેની બહારનો ભોગ ભોગવવાના આપણને અધિકાર નથી.

બીજી જાતિના લોકો સાથે આપણે ભોજન વ્યવહાર અથવા તો લગ્ન વ્યવહાર કરીશું નહીં. આ યોજના પાછળની તેમની તર્ક દલીલ એવી હતી કે આમ કરવાથી અનાચાર ઘણો જ ઓછો થવા સંભવ છે. જેટલા ભાણા ભેગા એટલો પ્રેમ વધારે એવી બહુ જાણીતી આપણી કહેવતનો છેદ ઉડાડતા તેઓ કહે છે એકત્ર જમવાથી મિત્રતા વધે છે એ વાત અનુભવ વિરુદ્ધ છે. આમ કરવાથી મિત્રતા વધતી હોય તો યુરોપમાં (હાલનું) મહાયુદ્ધ (વિશ્વયુદ્ધ) થાત નહીં. સહુથી વધારે કજિયો તો સગાભાઈઓમાં જ થાય છે. એવી હકીકત બયાન કરતા તેઓ કહે છે. ભોજનને આપણે વધારે પડતું મહત્વ આપેલું છે. ભોજન ક્રિયાએ શૌચક્રિયા જેટલી જ ગંદી છે. ફેર એટલો જ કે શૌચક્રિયા પછી આપણને શાંતિ મળે છે, જયારે જીભને વશ ન રાખી શકીએ તો ભોજન પછી બેચેની ઉત્પન્ન થાય છે.

વધુમાં તેઓ કહે છે શૌચાદિ કર્મ આપણે એકાંતમાં કરીએ છીએ તેમ જ ભોજન આદિ પશુક્રિયા પણ એકાંતમાં કરવી જોઈએ. ભોજન એ કેવળ શરીર વ્યાયારને માટે છે એ વાક્ય અગર સાચું હોય તો એ બાબતમાં જેટલો ઓછો આડંબર કરીએ તેટલું સારું એ દેખીતું છે.

ભોજન ઉપરાંત આવી જ બાબત લગ્ન સંબંધને પણ છે એવી દલીલ કરતા મહાત્મા કહે છે 'અમુક જાતિની બહાર લગ્ન વ્યવહાર બંધ રાખવામાં સંમય જ છે અને સંમય તો બધી વખત સુખદાયક જ છે. જાળ જેટલી વધારે ફેલાવીએ તેટલું સંકટ વધે છે. માટે પોતાની જ પંક્તિના માણસોમાંતી વર અથવા વહુ શોધવામાં હું કાંઈ પણ દોષ જોતો નથી એવો ઉલ્લેખ કરતા

અનુસંધાન પાના નં. ૭ પર

# સ્નેહ અને કરુણાની મૂર્તિ : મહારાજ રવિશંકર



બ્રિટીશ સરકાર સામેના દેશના કેટલાક જાણીતા સત્યાગ્રહોમાં બારડોલી સત્યાગ્રહનો સમાવેશ થાય છે. મહારાજ તેમાં સત્યાગ્રહી ખરાજ. ગોરી સરકારે તેમની ધરપકડ કરી તેના સમાચાર દેશભરમાં ફેલાયા. આ પ્રસંગે ગાંધીજીએ એપ્રિલ-૧૯૨૮ માં રવિશંકર મહારાજને લખેલો પત્ર હૈયામાં કોતરી રાખવા જેવો છે. બાપુ લખે છે:

ભાઈ શ્રી રવિશંકર,

તમે નસીબદાર છો. જે ખાવાનું મળે તેનાથી સંતુષ્ટ. ટાઢ અને તડકો તમારે મન સરખા. ચીંથરા મળે તો ઢંકાઓ. હવે જેલમાં જવાનું સદભાગ્ય પણ તમને પહેલું. જો ઈશ્વર અદલાબદલી કરવા દે અને તમે ઉદાર થઈ જાઓ તો તમારી સાથે અદલાબદલી કરું. તમારો અને દેશનો જય હો ! — બાપુના આશીર્વાદ.

સમગ્ર વિશ્વ જે વ્યક્તિનો સદીના મહામાનવ તરીકે આદર કરે છે તેવા સાબરમતીના સંત મહાત્મા ગાંધીજીનું આવું પ્રમાણપત્ર મેળવનાર " રાજ વિનાના મહારાજ " તથા તેમનું સામાજિક સદભાવ પ્રગટાવવાનું કાર્ય આજે પણ અનેક પ્રસંગે યાદ આવે છે. બદલાતા કાળખંડમાં મહારાજનું જીવન કદી પણ અપ્રાસંગિક થાય તેવું નથી. મૂઠી ઊંચેરા આ માનવી માનવ સમાજના ચિરંતન આભૂષણ સમાન છે. સૌમ્ય સ્વભાવ અને પૂર્ણ વિવેક મહારાજના વ્યક્તિત્વમાં અભિન્ન અંગ સમાન હતા.

કિસીકો ન હો સકા
ઉસ કે કદકા અંદાઝ
વો આસમા થા
પર સર ઝુકાકે ચલતા થા.

કાળના વાવાઝોડા પ્રસંગોપાત આકરા પણ હોય છે. સમાજને ક્યારેક તેની ગંભીરતા પણ વિલંબથી સમજાય છે. જ્યારે માહોલમાં શીતળતાનો મૃદુ સ્પર્શ હોય ત્યારે ખાસ કોઈ ચિંતા કરવાનું આપણાં સ્વભાવમાં નથી. તરસ લાગે ત્યારે કૂવો ખોદવાની વૃત્તિ વ્યક્તિગત કે સામુહિક સ્વભાવમાં હોય તો એ સ્વસ્થતાની નિશાની નથી તેવું પાઠ્યપુસ્તકોમાં જરૂર ભણાવાય છે. પ્રવચનોમાં પણ આ વાત ભારપૂર્વક કહેવાય છે. પરંતુ આપણે આ વાત આત્મસાત કરી છે ખરી ? વ્યવહારમાં ઉતારી છે ખરી ? જવાબ પ્રોત્સાહક કહેવાય તેવો મળી શકતો નથી. સમાજ જીવન નાની સરખી બાબતમાં પણ ડહોળાય અને આપણાં ભાંડુઓ તરફનો માનવ સહજ સદભાવ આપણે ગુમાવીઓ તો માત્ર ભૌતિક સુવિધાઓમાં વ્રધ્ધિને પ્રગતિ કહેવામાં અતિશયોક્તિ થશે. આવી એકાંગિ પ્રગતિ ભૌતિક સમૃધ્ધિ સાથે શાંતિ લાવી શકશે નહિ. સમાજના નબળા ભાંડુનો હક્ક છીનવીને કોઈ વિશેષાધિકાર ભોગવીઓ તો આવું સુખ કે સુવિધા ક્ષણિક હશે. તેના અનેક ભયસ્થાનો પણ તેની સાથે જોડાયેલા રહેશે. વિનોબાજીની શીખના સંદર્ભમાં કવિ શ્રી કાગે લખ્યું હતું : જડપેલું અમી અમર કરશે (પણ) અભય નહિ આપી શકશે. આવો વિકટ સમય હોય ત્યારે એક સ્વસ્થ સમાજની રચના તેમજ સમર્પિત સામાજિક નેતૃત્વની આવશ્યકતા અનેક લોકો અનુભવતા રહે છે. જ્યારે પણ આવી અનુભૂતિ થાય ત્યારે તેનો ઉકેલ શોધવા માટે રવિશંકર મહારાજની સૌમ્ય મૂર્તિ નજર સામે તરવરે છે.

તમે.... મહારાજ.... !
રાજ વિનાના રાજ...
માનવ મનના મહારાજ...
છતાં નથી ક્યાં તમારા રાજ... ?.

**ક્ષણના ચણીબોર**



વી. એસ. ગઢવી

અમદાવાદની સીવીલ હોસ્પિટલમાં દાદાની અમીભરી આંખના શિતળ છાયે મહારાજના સ્વાનુભવની અનેક વાતો સાંભળીને મેઘાણીભાઈએ ધન્યતા અનુભવી છે. મહારાજ તથા મેઘાણીભાઈની આ મુલાકાતના પરિણામેજ વિશ્વ સાહિત્યમાં સ્થાન પામી શકે તેવી 'માણસાઈના દીવા' ની વાતોએ જગતમાં નૂતન પ્રકાશ પાથર્યો. રુક્ષ તથા અવિચારી દેખાતા કે ઓળખાતા વર્ગની અમીરાતની તેમજ ખમીરની વાતો મહારાજના અમૂલ્ય અંગત અનુભવોમાંથી જગતને પ્રાપ્ત થઈ. મેઘાણીભાઈ પોતાના જીવન સંગ્રામ સાથે જોડાયેલા પ્રસિધ્ધ "ફૂલછાબ કાર્ટૂન કેસ" ના સંદર્ભમાં અમદાવાદ હતા ત્યારે તેમને સર્વ પ્રથમ રવિ-દર્શન થયું અને આ મંગળ મૂર્તિ કવિના દિલમાં ઊંડી ઊતરી જવા પામી. મેઘાણીભાઈ મહારાજનું pen – picture આપતાં લખે છે : "પાતળી કાઠીની, અડીખમ, પરિભ્રમણને ટાઢતડકે ત્રાંબાવરણી બનાવી, ટીપીને કોઈ શિલ્પીએ ઘડી હોય તેવી એ માનવમૂર્તિ સ્વચ્છ પોતિયે, બંડીએ અને પીળી ટોપીએ, ઉઘાડે તથા મોટે પગે એવી શોભતી હતી કે મારા અંતરમાં એ હમેશાને માટે વસી ગઈ છે" મહારાજ તથા મેઘાણીના ઐતિહાસિક તથા ઉપકારક મિલનને કારણે મહીકાંઠાની જનતાના વિશેષ તેમજ સોંસરવા દર્શનનો તેમજ તેમના જીવનની અદભુત વાતોનો અનુભવ સમગ્ર વિશ્વને થયો.

મગનભાઈ જો. પટેલ (મ.જો.) હમણાં સુધી આપણી વચ્ચે સદેહે શોભતા હતા. મ.જો. તો મોટા ગામતરે ગયા પણ તેમની નજરે દાદાનું (રવિશંકર મહારાજનું) દર્શન કરવું તે મનમાં પરાવાર પ્રસન્નતા પ્રગટાવે તેવું છે. રાધનપુરમાં મ.જો. દાદાને મળ્યા અને દાદાના થઈને જીવવાનો તેમણે સંકલ્પ કર્યો. દાદા ગામડાઓનો થકવી નાખે તેવો પગપાળા પ્રવાસ કરીને સાંજે રાધનપુર પાછા આવે છે. વાતવાતમાં લાંબા પગપાળા પ્રવાસના થાકની વાત કરે છે. મ.જો. દાદાના પગ દાબીને તેમનો થોડો થાક ઓછો કરવા પ્રયાસ કરે છે. પરંતુ મ.જો. લખે છે કે જેવા તેઓ મહારાજના પગનો સ્પર્શ કરે છે તો તરતજ જાણે વીંછીએ ડંખ દીધો હોય તેમ બન્ને પગ પાછા ખેંચી લે છે. વાત્સલ્યભાવથી મ.જો.ને પગ દાબવાની સ્પષ્ટ ના કહી તેમને આરામ કરવાનું કહે છે. ક્યારે પણ કોઈની સેવા સ્વીકારવાની સહેજ પણ તૈયારી નહિ. સ્વામી આનંદે મહારાજ માટે લખેલા શબ્દો કાન દઈને સાંભળવા જેવા છે.

"હું તો રોજ સવાર - સાંજ માળા - પ્રાર્થના વખતે "પુણ્યશ્લોકો નલોરાજા, પુણ્યશ્લોકો યુધિષ્ઠિર" સાથે મહારાજનું નામ આધુનિક પુણ્યશ્લોકોમાં વર્ષોથી લેતો હોઉ છું. પુણ્યશ્લોક એટલે પુણ્યનો પહાડ. મહારાજ ગુજરાતના સૌથી ઊંચા સેવક અને સર્વશ્રેષ્ઠ બ્રાહ્મણ છે. " સ્વામીદાદા સિવાય આવા સટીક શબ્દોમાં ગુણાનુરાગ કોણ કરી શકે?

# ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા વર્ષાગીતોનો કાર્યક્રમ યોજાશે

**સાહિત્ય વૃત્ત**



મૂળજીભાઈ પરમાર 'દધિ'

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા, મા ગુર્જરીના પનોતા, ગરવા ગુજરાતી સાહિત્યને હરદમ ધબકતું ધડકતું રાખી; સદાય મહેંકતું અને મધમધતું રાખવા વિવિધ કાર્યક્રમો રાખવામાં આવે છે. તથા દર માસના બીજા રવિવારે અચૂક મળતી સભામાં સાહિત્ય મહેફિલ ગોઠવવામાં આવે છે. આ માસના બીજા રવિવારે ૯-૭-૨૦૧૭ના રોજ સાહિત્યિક મહેફિલસભા, સાંજના ૫.૦૦ વાગે, નમન એપાર્ટમેન્ટ, સે.૨૧ ગાંધીનગર ખઆતે, પ્રમુખ નટવર હેડાઉના અધ્યક્ષપદે અને પૂર્વ પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીની વિશેષ ઉપસ્થિતિમાં મળશે. જેમાં સાહિત્યકારો પોતાના સ્વરચિત - મૌલિક ગીતો-ગઝલો-કાવ્યો રજૂ કરી, તેનું સ્વમુખે પઠન કરી શકશે. તો આ વર્ષારાણીની વધામણીની કૃતિઓ સાથે અચૂક પધારવા નગરના મહાનુભાવો; સાહિત્યકારો; રસિકો-ભાવકો તથા સર્વે સભ્યોને હાર્દિક જાહેર નિમંત્રણ છે.

● ગરવી ગુજરાતી ભાષાના સાહિત્યમાં ટૂંકી વાર્તાઓનું મૌલિક સર્જન થાય અને સાહિત્યની ઉત્તરોત્તર પ્રગતિ થાય તે હેતુસર, વાર્તાકાર કેતન મુનશી પરિવારે નર્મદ સાહિત્યસભાને રૂા. દસ લાખનું માતબર દાન આપવામાં આવેલ, આ દાનમાંથી 'કેતન મુનશી વાર્તાસ્પર્ધા'નું આયોજન કરવામાં આવેલ છે, જેમાં પ્રથમ ઈનામ રૂા. ૨૫,૦૦૦, દ્વીતીય ઈનામ રૂા. ૧૫,૦૦૦ અને તૃતીય ઈનામ રૂા. ૧૦,૦૦૦ અને ચતુર્થ ઈનામ રૂા. ૫૦૦૦નું રાખવામાં આવેલ છે. આ સ્પર્ધા માટે લેખડો તેમની વાર્તાઓ ૧ એપ્રિલથી ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં 'નર્મદ સાહિત્ય સભા, C/o સાહિત્ય સંગમ, બાવા સીધી, પંચોલી વાડીની સામે, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧' ખાતે મોકલી શકશે.

(૧) આ સ્પર્ધા માટેની વાર્તા મૌલિક હોવી જોઈએ (૨) તે અન્યત્ર પ્રગટ થયેલી ન હોવી જોઈએ. (૩) તે કોઈ પણ પ્રકારનું ભાષાંતર કે રૂપાંતર ન હોવું જોઈએ. એ-૪ સાઈઝના કાગળમાં પૃષ્ઠની એક જ બાજુ ટાઈપ કે પ્રિન્ટ કરેલી વાર્તાની બે નકલો મોકલવાની રહેશે. વાર્તા ઓછામાં ઓછા ૧૫૦ શબ્દો અને વધારેમાં વધારે ૨૫૦૦ શબ્દોની હોવી જોઈએ. અને તેની ચોક્કસ શબ્દ સંખ્યા ગણીને તે સંખ્યા વાર્તાના છેડે લખવી જરૂરી છે. આ વાર્તા લઘુકથા, નિબંધ, નાટક, બાળવાર્તા કે ચરિત્રકથાના સ્વરુપે લખાયેલી ન હોવી જોઈએ. નવલિકાના પહેલા પાના પર ફક્ત વાર્તાનું શીર્ષક જ લખવું, એ સિવાયની વિગત એટલે કે, નામ, સરનામું, મોબાઈલ નંબર કે ઈમેઈલ એડ્રેસની વિગતો એક અલગ પેજ પર લખીને મોકલવાની રહેશે. સ્પર્ધામાં લેખક વધુમાં વધુ બે વાતોએ મોકલી શકાશે અને ચારમાંથી એક જ પારિતોષિક મળી શકશે. સમારંભમાં ઉપસ્થિત રહેવું અનિવાર્ય છે; અન્યથા પારિતોષિક રદ થશે.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા તા.૧૮-૬-૨૦૧૭ના રોજ શુભેચ્છકો સાથે સંવાદસભા અને મિલનગોષ્ઠિનો કાર્યક્રમ અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો હતો, જેમાં જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા રઘુવીર ચૌધરી, અમૃત ગંગર, જયેશ ભોગાયતા, દક્ષેશ ઠાકર, ડૉ. મુકુલ ચોકસી સહિતના પ્રથિતયશ સાહિત્યકારો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી તથા સાંસદ અને કોર્પોરેટ અગ્રણી પરિમલ નથવાણી, બાંધખામ ગ્રુપના મોભી અનિલ બકેરી, સૌરાષ્ટ્ર અને કચ્છ યુનિ.ના કુલપતિ વિગેરે દ્વારા આ સંવાદસભાને વધાવી હતી.

ગુજરાત સાહિત્ય અકાદમીના માર્ગદર્શક મંડળના સભ્ય અને કેન્દ્રીય સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા અપાતા પ્રતિષ્ઠિત એવોર્ડથી નવાજિત ડૉ. મોહનભાઈ પરમાર, ગુજરાત સાહિત્ય અકાદમીના કાર્યવાહક સમિતિના સભ્ય માધવ રામાનુજ અને લતા હિરાણી તેમજ લોકસાહિત્યકાર અને ગાંધીનગર સાહિત્યસભાના પૂર્વ પ્રમુખ, 'ધરતીનો ધબકાર' દોલત ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

અકાદમીના મહામાત્ર મનોજ ઓઝાએ સર્વેને આવકાર્યા હતા. અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યાએ કાર્યક્રમની ભૂમિકા સમજાવી હતી.

બળવંત જાની, સુપ્રસિદ્ધ બાળસાહિત્યકાર યશવંત મહેતા, રજનીકુમાર પંડ્યા, મણિલાલ હ. પટેલ, પ્રકાશક ભગત, ડૉ. કીર્તિ ખત્રી, અજયસિંહ ચૌહાણ, સંસ્કૃતવિદ્ રીટા ત્રિવેદી, હિન્દીના સમર્થ ભાષાવિદ, ડૉ. આલોક ગુપ્તા, પરીક્ષિત જોષી, 'નવચેતન'ના પૂર્વ તંત્રી હર્ષવર્ધન ત્રિવેદી વિગેરેએ મૂલ્યવાન સૂચનો કર્યા હતા.

● ગુજરાત વિશ્વકોશ ભવનમાં શૈલેષ પારેખલિખિત અને નિસર્ગ ત્રિવેદી દિગ્દર્શિત 'અંતિમ વસંત'ની પ્રસ્તુતિ કરવામાં આવી જેમાં નૈષધ પુરાણી અને આરતી ભટેલે ભાગ લીધો હતો. ૧૯૨૪ના નવેમ્બર માસમાં ૬૪ વર્ષની વયે રવીન્દ્રનાથને અસ્વસ્થ સ્વાસ્થ્યને કારણે આર્જેન્ટીનાના બુએનોસ ઐર્સ ખાતે બે માસ ગાળવા પડ્યા હતા, ત્યાં ૩૪ વર્ષની વિદુષી સન્નારી વિકટોરીયા ઓકામ્પો તેમની યજમાન હતી. દક્ષિણ ગોળાર્ધની આ વસંતઋતુ હતી અને બે સાહિત્યપ્રેમી વ્યક્તિઓ વચ્ચે એક પરસ્પર સન્માન અને પ્રીતિનો અતૂટ સંબંધ બંધાયો, જે રવીન્દ્રનાથના મૃત્યુ પર્યંત - ૧૯૪૧ સુધી ચાલુ રહ્યો. આ સંબંધની વાત તે બંને વચ્ચેના પત્રો, રવીન્દ્રનાથ તરફથી તેને ઉદ્દેશીને લખાયોલાં કાવ્યો અને ગીતો દ્વારા એક નાટ્યાત્મક વાચિકમ્ દ્વારા વિશ્વકોષ ભવનમાં 'અંતિમ વસંત' શીર્ષક હેઠળ, તા. ૯મી મે, ૨૦૧૭ના રોજ આ પ્રસ્તુતિ થઈ હતી.

- muljibhaidadhi@gmail.com